* D - 2 6 3 3 - 3 4 *

# D-2633-34

## First Year B. Com. (Sem. II) Examination
**March / April - 2016**
## Foundation Course in Gujarati
*1. Pratyayan Kaushalya - II*
*2. Bhasha Sahitya Kaushalya - II*

Time : 2 Hours] [Total Marks : 50

*1. Pratyayan Kaushalya - II*

સૂચના : (૧)

| નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી. Fillup strictly the details of ☛ signs on your answer book. | Seat No.: |
|---|---|
| Name of the Examination: ☛ **First Year B. Com. (Sem. II)** | |
| Name of the Subject: ☛ **Found. Course in Guj. : *1. Pratyayan Kaushalya - II*** | |
| ☛ Subject Code No.: 2 6 3 3 ☛ Section No. (1, 2,.....): Nil | Student's Signature |

(૨) જમણી બાજુના અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

૧ . ટૂંકમાં જવાબ આપો . (માગ્યા પ્રમાણે) (૧૦)

૧ . કોઈપણ બે ગુજરાતી નિબંધકારોના નામ આપો .

૨ . વિરુધ્ધાર્થી શબ્દ આપો . (ગમે તે બે)
જડ , દરિદ્ર , અસ્ત , ક્રૂર .

૩ . સમાનાર્થી શબ્દ આપો . (ગમે તે બે)
પ્રેમ , કુલીન , રવિ , પુસ્તક .

૪ . શબ્દ સમુહ માટે એક શબ્દ આપો .(ગમે તે બે)
સમુહમાં પહેરવામાં આવતો પોષાક , પોતાનાં વખાણ પોતે જ કરવાં તે ,
દરિયામાંથી મોતી કાઢનાર , જેનામાં દોષ નથી એવું .

૫ . નીચેનામાંથી કોઈપણ બે કહેવતનો અર્થ આપો .
ધરમની ગાયના દાંત ના જોવાય , મન હોય તો માળવે જવાય ,
ચાદર જોઈને સોડ તણાય , છોરું કછોરું થાય , માવતર કમાવતર ન થાય .

૨ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ તૈયાર કરો . (૧૩)

૧ જ્ઞાતિવાદ - રાષ્ટ્રનું દુષણ

૨ ટેલીવિઝન અને જાહેરાતો

૩ યુવાની - જીવનનો સ્વપ્નકાળ

૩. નીચે આપેલ ગદ્યખંડનો સારાંશ તૈયાર કરો. (૧૩)

ભારતમાં તો આ વર્ષોથી ચાલતું આવ્યું છે. મંદિરમાં વ્યક્તિ જાય કે ઘરે પૂજા કરે તેટલો વખત એ મનથી, વ્યવહારથી મુક્ત થઇને ભગવાનને ભજે, પણ જેવું વ્યવહારમાં મન પરોવ્યું કે ધર્મના ઉપદેશો બધા અભરાઇએ ચડાવી દે! પોતાના વ્યતિત્વના બે ભાગ કરીને જીવવાનું આપણી પ્રજાને કોઠે પડી ગયું છે. એમાં એને કશું અજુગતું લાગતું નથી કે એની ઊંઘ હરામ જતી નથી, અને એટલે જ ધર્મના આદેશો અને આદર્શોથી વિરુધ્ધ પ્રકારનું વર્તન સમાજમાં જોવા મળે છે. માનવજાતની આ મોટામાં મોટી કરુણતા છે કે તે ધર્મમાં માને છે પણ ધર્મના આદેશો અને ઉપદેશો વર્તન વ્યવહારમાં ઉતારતા નથી. એટલું જ નહિ સંતો, મહાત્માઓને દુઃખી કરવામાં એમણે પાછું વાળનિે જોયું નથી અને એમના મર્યા પછી એમની કબરો પર કે એમની સમાધિઓ પર દીવા કર્યા છે અને ફૂલો ચડાવ્યા છે. બધા જ મહાન ધર્મોએ વ્યવહાર જીવનને માટે ઉત્તમ આદેશો આપ્યા છે, ષન માનવે વ્યવહારને અને ધર્મને જુદા કરીને જીવવા માંડયું છે. આથી જ વ્યકિતની, સમાજની અને વિશ્વની શાંતિ જોખમાઇ છે અને ભયમાં મુકાય છે.

- અનિરુધ્ધ બ્રહ્મભટ્ટ

**અથવા**

૩ નીચે આપેલ ગદ્યખંડનો સારાંશ તૈયાર કરો. (૧૩)

સર્વ ગૃહસંસ્કારનો આધાર માતા ઉપર છે ને સારી માતાથી સારાં પરિણામ અને નઠારીથી નઠારાં પરિણામ અનુભવાય છે, ત્યારે સિધ્ધ થાય છે કે, માતાની સુબુધ્ધિ અને સુશીલતા ઉપર મુખ્ય આધાર છે. પુરુષોને સુશિક્ષણની જેવી ને જેટલી અપેક્ષા છે, તેવી અને તેટલી જ અપેક્ષા સ્ત્રીઓને છે, જેથી એકની બુધ્ધિ સ્ફુરિત થઇને વ્યવહારમાં કામ આવે તેવી જ બીજાની પણ થઇ તેટલી જ ઉપયોગી થાય છે. સ્ત્રીઓને પોતાના કામકાજમાં વ્યવસ્થા રાખવાની ટેવ, તથા સર્વ વ્યવહારમાં દૂરંદેશીપણું એ બે ગુણ ઘણાં ઉપયોગી છે. તે ઉપરાંત કરકસરની ટેવ પણ અમૂલ્ય છે. એ સર્વ જેથી વધે તેવા શિક્ષણનો તેનો ઘણો ઉપયોગ હોવાં છતાં સ્ત્રી-પુરુષ બંનેના વ્યાપાર સાધારણ રીતે જ જુદા હોવાથી સ્ત્રી _ પુરુષનાં શિક્ષણ અમુક વય સુધી એક હોઇ શકે, પણ પછી તે જુદું પડવું જોઇએ. સુશિક્ષિત માતાઓ આ પ્રમાણે પેદા થાય છે. તેમ થવાથી દેશની ઉન્નતિનાં બીજ રોપાય છે. જે જે દેશ પાયમાલ થયા છે તે તે દેશમાં સ્ત્રીશિક્ષણ ઉપર લોકોએ ધ્યાન ન આપવાથી તેમ થયું છે. માટે સ્ત્રીની ઉન્નતિમાં જ સર્વની ઉન્નતિ છે એમ જાણી જેમ બને તેમ દેશમાં સ્ત્રી સન્માનની વૃધ્ધિ થાય એવો પ્રયત્ન સર્વેએ કરવો જોઇએ.

- મણિલાલ ન. ત્રિવેદી.

૪. (અ) રૂઢિપ્રયોગોનો અર્થ આપી સમજાવો. (ગમે તે ત્રણ) (૬)

આંગળીથી નખ વેગળા, ગંધ આવવી, પીઠ થાબડવી,
એકના બે ન થવું, રજનું ગજ કરવું, સંઘ કાશીએ ન પહોંચવો.

(બ) નીચે દર્શાવેલ નામો પૈકી કોઇપણ બે પૌરાણિક વ્યકિતનો ટૂંકમાં પરિચય આપો. (૮)

એકલવ્ય, કૃષ્ણ, શબરી, હેમચંદ્રાચાર્ય.

## *2. Bhasha Sahitya Kaushalya - II*

સૂચના :

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
**Fillup strictly the details of ☛ signs on your answer book.**

Name of the Examination :
☛ **First Year B. Com. (Sem. II)**

Name of the Subject :
☛ Found. Course in Guj. : *2. Bhasha Sahitya Kaushalya - II*

☛ Subject Code No. : 2 6 3 4 ☛ Section No. (1, 2,.....) : Nil

Seat No. :

Student's Signature

૧ કોઈપણ પાંચ પ્રશ્નના ટૂંકમાં જવાબ આપો. ૧૦

૧ 'અશ્રુઘર' કયા પ્રકારની નવલકથા છે ?

૨ સત્ય પ્રત્યે સમભાવ રાખનાર પ્રાધ્યાપકનું નામ શું ? તેઓ કયા ધર્મના છે.

૩ ધનુ માસ્તરની દીકરીનું નામ શું ? તેના વિશેના કયા સમાચારથી સત્ય આઘાત અનુભવે છે ?

૪ 'અશ્રુઘર' નવલકથાની પ્રથમ આવૃત્તિ કઈ સાલમાં પ્રગટ થઈ હતી ?

૫ સત્યના કોઈપણ ચાર બાળમિત્રોનાં નામ આપો.

૬ સત્યની માતાનું નામ અને ભાભીનું નામ જણાવો.

૭ સત્યના પરમ મિત્રનું નામ શું ? તેમનો વ્યવસાય જણાવો.

૮ 'દિલ અભી ભરા નહીં' - ગીત કોણ ગાય છે ? કોના સંદર્ભે ?

૨ રાવજી પટેલના જીવન અને કવનનો વિગતે પરિચય આપો. ૧૩

અથવા

૨ 'અશ્રુઘર'માં સત્ય, સૂર્યા અને લલિતા વચ્ચે રચાયેલાં પ્રણ્ય-ત્રિકોણની કરુણતા આલેખો. ૧૩

૩ ‘ અશ્રુઘર ’ નવલકથામાં આલેખિત ગ્રામસૃષ્ટિને તમારા શબ્દોમાં આલેખો. ૧૩

અથવા

૩ ‘ અશ્રુઘર ’ નવલકથાનાં સ્ત્રી - પાત્રોનો વિગતે પરિચય કરાવો . ૧૩

૪ (અ) ટૂંકી નોંધ લખો . ( કોઇપણ એક ) ૬

૧ ‘ અશ્રુઘર ’ માં આલેખિત સેનેટોરિયમ .

૨ સત્યનું પાત્રાલેખન કરો .

( બ) પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો . ( કોઇપણ બે ) ૮

૧ “ માણસના મન સાથે ખેલ ના ખેલાય .”

૨ “ મારે એવી શી પડી છે નામ પાડવાની ? ”

૩ “ છાંનો રે હવે . તું તો કહીશ એમાં ભવાયા રાખો . ”

૪ “ કેમ અહીં બેઠા છો ? ”